Thursday
14.05.2026
*Volume :10 * Issue No.307
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમરેલી જિલ્લાના રાજુલા મુકામે નિર્મિત ૧૦૦ બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ

## આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં હોસ્પિટલનો શુભારંભ





## મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલની વિવિધ સેવાઓનું નિરીક્ષણ કરી અને પંથકના નાગરિકોના નિરામય ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી






## હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી, બાળરોગ સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિ:શુલ્ક ઉપલબ્ધ થશે

## રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા દર્દીઓને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર મળશે

કમલમ્,અમરેલી,

રાજુલા પંથકના નાગરિકો માટેઆરોગ્યક્ષેત્રે વિશિષ્ટસુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તેરાજુલા મુકામે "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણઆરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત આ ૧૦૦ બેડની નિ:શુલ્ક હોસ્પિટલ રાજુલા સહિત આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે. આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં હોસ્પિટલનો શુભારંભ થયો હતો. આધુનિકસુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાંઆવશે. આ હોસ્પિટલ શરૂ થતાં રાજુલા પંથકના દર્દીઓને સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થશે અને સ્થાનિક સ્તરે જ સમયસર અને ઉત્તમ સારવાર મળી શકશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલના આઈ.સી.યુ, ટ્રોમા સેન્ટર, ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કરી અને સેવાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સેવાઓ રાજુલા પંથકમાં શરૂ કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક સભ્યશ્રી રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરને અભિનંદન આપતા સર્વ ટ્રસ્ટીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સુપ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુની પ્રેરણાથી મૂળ રાજુલાના ઉદ્યોગપતિ શ્રી અનિલકુમાર નંદલાલ મહેતાના દ્વારા રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ ટ્રસ્ટદ્વારાવર્ષ ૨૦૧૯માં "મહાત્મા ગાંધી આરોગ્યમંદિર"ની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ઓ.પી.ડી. અને ડાયાલીસીસ જેવા વિભગોમાં પ્રતિદિન દરરોજ ૧૦૦દર્દીઓની નિ:શુલ્ક સારવાર કરવામાં આવતી હતી, જેના થકી આ યોજનાનો પાયો નંખાયો હતો. વર્ષ ૨૦૧૯માં૦૩ ઓક્ટોબરના રોજ આ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ હૉસ્પિટલની સંપૂર્ણ સેવાઓ આગમી ટૂંક સમયમાં શરૂ થશે, જ્યારે ઓ.પી.ડી સહિતની કેટલીક સેવાઓ ગુરુવારથી શરૂ થશે. હૉસ્પિટલમાં લેબોરેટરી, મેડિકલ સ્ટોર અને ભોજનાલય જેવી સેવાઓ પણ આપવામાં આવશે. દાતાઓના સહયોગથી નિર્મિત આ હૉસ્પિટલ માનવસેવાના ઉત્તમ સંકલ્પનુંપ્રતિક બની રહેશે. રામકૃષ્ણ આરોગ્યસેવા ટ્રસ્ટઅને વિદ્યાગુરુ ફાઉન્ડેશનદ્વારા આરોગ્યક્ષેત્રે કરવામાં આવેલ આ સેવા કાર્યથી આ વિસ્તારના હજારો પરિવારોનેસીધો લાભ મળશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીનું સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી અંબરીશભાઈ ડેર, શ્રી અજયભાઈ મહેતા, દાતાઓ શ્રી માયાભાઈ આહીર સહિત રાજુલાના રહેવાસીઓએ હોસ્પિટલના પ્રાંગણમાં અભિનંદન કર્યુંહતું.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, રાજુલા જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા લીલીયા મતવિસ્તાર ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જાડેજા, એ.એસ.પી.શ્રી જયવીર ગઢવી, સ્થાનિક અગ્રણીશ્રીઓ, તબીબો તેમજ હોસ્પિટલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો ગુજરાત પ્રવાસ: ૧૩ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

## મેઘાલય વિધાનસભા PACના અધ્યક્ષ શ્રીમતી મિયાની ડી. શીરા સહિત સભ્યોના પ્રતિનિધિ મંડળને ગૃહની ભવ્યતા અને અત્યાધુનિક સુવિધાઓથી કરાયા માહિતગાર



કમલમ્,

મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ-PACના કુલ ૧૩ સભ્યોનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ તા. ૧૨ થી ૧૫ મે, ૨૦૨૬ દરમિયાન ગુજરાતના ચાર દિવસીય અભ્યાસ પ્રવાસે પધાર્યું છે. જે અંતર્ગત આજે તેમણે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરીહતી. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાત વિધાનસભાની સંસદીય કાર્યપ્રણાલી, વહીવટી માળખું, જાહેર હિસાબોની દેખરેખ અને આધુનિક ટેકનોલોજી થકી અપનાવવામાં આવતી શ્રેષ્ઠ પદ્ધતિઓનો અભ્યાસ કરીપરસ્પર અનુભવોનું આદાન-પ્રદાન કરવાનો છે. ગુજરાત વિધાનસભાની મુલાકાત દરમિયાન મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ શ્રીમતી મિયાની ડી.શીરા સહિત સભ્યોના પ્રતિનિધિ મંડળને ગૃહની ભવ્યતા અને અત્યાધુનિક સુવિધાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વિધાનસભાના અધિકારીઓએ તેમને મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની બેઠકવ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો માટેની પ્રેક્ષક ગેલેરી વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, ધારાસભ્યોના ઉપયોગ માટે કાર્યરત લાઈબ્રેરીની પણ તેમણે મુલાકાત લીધીહતી, જ્યાં સંસદીય દસ્તાવેજો અને કાયદાકીય સંદર્ભ ગ્રંથોના સંગ્રહની પ્રશંસા કરવામાં આવી હતી. આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ ગુજરાત વિધાનસભાની 'પેપરલેસ' કામગીરી અને ડિજિટલ પહેલ રહી હતી. પ્રતિનિધિ મંડળે 'નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન' (NeVA) સેવા કેન્દ્રની ખાસ મુલાકાત લીધી હતી. ટેકનોલોજીના માધ્યમથી વિધાનસભાની તમામ પ્રક્રિયાઓને કઈ રીતે ડિજિટાઈઝ કરવામાંઆવી છે અને તેનાથી કામગીરીમાં કેવી રીતે પારદર્શિતા અને ઝડપ આવી છે, તે અંગે અધિકારીઓએ મેઘાલયના સભ્યોને પ્રત્યક્ષ નિર્દેશન આપ્યું હતું. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતના આ મોડેલને પ્રતિનિધિ મંડળે ખૂબજ પ્રભાવશાળી ગણાવ્યું હતું. આ ચાર દિવસીય પ્રવાસ દરમિયાન સમિતિના સભ્યો ગુજરાતમાં અમૂલ ડેરી, આણંદ સહિત અન્ય વિકાસલક્ષી પ્રકલ્પોની પણ મુલાકાત લેશે, જે બંને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે મેઘાલય વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ સહિત સભ્ય સર્વે ડૉ. સેલેસ્ટાઈન લિંગડોહ, શ્રી ગેવિન એમ. માયલીમ, શ્રી રૂપા એમ. મારક, શ્રી રુપર્ટ મોમીન, શ્રી પોલ લિંગડોહ તેમજ ૦૭ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે ગુજરાત વિધાનસભા તરફથી સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી, ઉપ સચિવ શ્રી ચિરાગ પટેલ, સેક્શન ઓફિસર શ્રી ધ્રુવ પટેલ સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભારતના રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટિંગેલ પુરસ્કારો ૨૦૨૬ પ્રદાન કર્યાં

## નર્સિંગ કર્મચારીઓ સેવાના ઉચ્ચતમ ધોરણોનું ઉદાહરણ આપે છે અને CV આરોગ્યસંભાળ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છેઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ



કમલમ્,કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૧૨ મે, ૨૦૨૬) આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં નર્સિંગ કર્મચારીઓને વર્ષ ૨૦૨૬ માટે રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ પુરસ્કારો પ્રદાન કર્યા. રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ પુરસ્કારો - ૨૦૨૬ માટેના તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું, "આ પ્રસંગ નર્સિંગ કર્મચારીઓ અને આરોગ્યસંભાળ વ્યાવસાયિકોના અમૂલ્ય યોગદાનને યોગ્ય શ્રદ્ધાંજલિ છે જેઓ કરુણા અને અતૂટ સમર્પણ સાથે રાષ્ટ્રની સેવા કરે છે. નર્સિંગ કર્મચારીઓ સેવાના ઉચ્ચતમ ધોરણોનું ઉદાહરણ આપે છે અને ઘણીવાર સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હું તમામ પુરસ્કાર વિજેતાઓને ફરજ પ્રત્યેની પ્રેરણાદાયક નિષ્ઠા અને દર્દી સંભાળના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટેના તેમના અથાક પ્રયાસો માટે પ્રશંસા કરું છું." નર્સિંગ કર્મચારીઓ દ્વારા સમાજને આપવામાં આવતી ઉત્કૃષ્ટ સેવાઓને માન્યતા આપવા માટે, ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ૧૯૭૩માં રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ પુરસ્કારોની શરૂઆત કરવામાં આવી હતી.

